ભારતીય ખાણ બ્યુરો, ગાંધીનગરના નેજા હેઠળ બનેલ એમ. ઇ.એમ.સી. કાઉન્સિલ ૨૦૨૩ - ૨૪ ના આયોજન માં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ, યુનિટ- સિદ્ધિગ્રામ ની યજમાની માં મૈત્રીપૂર્ણ ક્રિકેટ ટુર્નામેન્ટ આજ રોજ પ્રતિયોગિતા આયોજિત કરવામાં આવેલ.

જેમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ ના શ્રી જે. ટી. ભીમાણી (જોઇન્ટ પ્રેસિડેન્ટ ટેકનિકલ), શ્રી આર.આર.સિંગ (એચ. ઓ.ડી. માઈન્સ તથા આઇ. બી. એમ. ગાંધીનગર ના અધિકારી શ્રી. સ્નેહલ પટેલ દ્વારા પ્રતિયોગિતા નું શુભારંભ કરવામાં આવેલ હતું.

## સોરઠ ભાસ્કર 20-02-2024

### એમઇએમસી કાઉન્સિલના આયોજનમા સૌરાષ્ટ્ર સિમેન્ટ યુનિટ સિદ્ધિગ્રામની યજમાનીમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ



પ્રશ્નાવાડા ભાસ્કર | ગાંધીનગર ભારતીય ખાણ બ્યુરોના નેજા હેઠળ એમઈએમસી કાઉન્સિલના આયોજનમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ યુનિટ સિધ્ધિગ્રામની યજમાનીમાં મૈત્રીપૂર્ણ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડના જોઈન્ટ પ્રેસિડેન્ટ ટેક્નિકલ જે.ટી.ભીમાણી, એચઓડી આર. આર. સિંગ, આઈબીએમના અધિકારી સ્નેહલ પટેલ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો. જેમાં એસસીએલ સિધ્ધીગ્રામ, જીએચસીએલ તથા ડી.સી.ડબ્લ્યુ, અંબુજા સિમેન્ટ લિમિટેડ, યુટીસીએલ જાફરાબાદ, યુટીસીએલ કોવાયા, એમઈએમસી કાઉન્સિલ ગ્રામીણ મોરાસાની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં એમઈએમસી કાઉન્સિલ અને યુટીસીએલ જાફરાબાદ વચ્ચે ફાઈનલ રમાઈ હતી. જેમાં એમઈએમસી કાઉન્સિલ વિજેતા બની હતી. મેનઓફધમેચ કિરન પટાક, ધર્મેશ, રતનેશ શર્મા, કિશન શાકેત, આફતાબ, શ્રેષ્ઠ બોલર ધર્મેશને સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રતિયોગિતામાં છ અલગ અલગ કંપની ટીમો તથા આજુબાજુના ગામોની ટીમો દ્વારા ભાગ લેવામાં આવેલ જે નીચે મુજબ છે.

1) એસ.સી. એલ.- સિધ્ધિગ્રામ

2)જી.એચ.સી.એલ. તથા ડી.સી. ડબલ્યુ.

3)અંબુજા સિમેન્ટ લિમિટેડ.

4) યુ.ટી.સી.એલ.-જાફરાબાદ

5)યુ.ટી.સી.એલ.- કોવાયા

6) એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ (ગ્રામીણ- મોરાસા, પ્રશ્નવાડા, થરેલી)

ભાગ લીધેલ આ ટીમો માંથી એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ તથા યુ.ટી.સી.એલ.-જાફરાબાદ વચ્ચે ફાઇનલ મેચ રમવામાં આવેલી હતી. જેમાં પ્રતિયોગિતા ની વિજેતા ટીમ એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ થયેલ તથા રનર અપ ટીમ યુ.ટી.સી.એલ.-જાફરાબાદ રહેલ.

પ્રતિયોગિતા ના અંત માં વિજેતા ટીમ, રનર અપ, મેન ઓફ ધ મેચ, શ્રેષ્ઠ બેટ્સમેન અને શ્રેષ્ઠ બોલર ને ટ્રોફી થી સન્માનિત કરવામાં આવેલ હતા.

મેન ઓફ ધ મેચ-

કિરન પટાક (જી.એચ.સી.એલ.)

ધર્મેશ (એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ)

રતનેશ શર્મા (યુ.ટી.સી.એલ.-જાફરાબાદ)

કિશન શાંકેત (યુ.ટી.સી.એલ.-જાફરાબાદ)

આફતાબ (એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ)

શ્રેષ્ઠ બેટ્સમેન

કિરન પટાક (જી.એચ.સી.એલ.)

શ્રેષ્ઠ બોલર

ધર્મેશ (એમ.ઇ.એમ.સી. કાઉન્સિલ)